ક્રમાંક:જીઆઈડીસી/વસુલાત/૩૨

તારીખ: /૦૬/૨૦૨૧
03/06/2021

# //પરિપત્ર//

વિષય: કબજો પરત આપવા (રીસ્ટોરબેક) ની નીતિ અંર્તગત ઓનલાઈન અરજી સ્વીકારવા અને કાર્યવાહી કરવા બાબત.

નિગમ દ્વારા કબજો પરત આપવા અંગે (રીસ્ટોરબેક) પરિપત્ર ક્રમાંક.નં.જી.આઈ.ડી.સી /ઓએન્ડએમ/ સીઆઈઆર/વસુલાત/૨૦૨૦/૦૩૧ તા.૦૮/૧૦/૨૦૨૦ થી નીતિ જારી કરવામાં આવેલ છે.જે અંગે હાલમાં અરજીઓ ઓફલાઈન પ્રોસેસ કરવામાં આવે છે.નિગમ દ્વારા પારદર્શકતા જળવાઈ રહે તે માટે ઓનલાઈન પ્રકીયા દ્વારા કાર્યવાહી કરવા નક્કી કરવામાં આવે છે.કબજો પરત આપવા (રીસ્ટોરબેક) તા.૦૮/૧૦/૨૦૨૦ ની નીતિના કિસ્સામાં તમામ પ્રકારની મિલ્કતો માટે ઓન-લાઈન અરજી સ્વીકારવાની તેમજ કાર્યવાહી ઓન-લાઈન કરવાની પ્રથા પરિપત્ર જારી થયા તારીખથી અમલમાં મુકવામાં આવે છે.

નિગમ દ્વારા પ્લોટનો કબજો પરત આપવા (રીસ્ટોરબેક) અંગે જી.જી.એપ્લીકેશનમાં ઓન-લાઈન મોડ્યુલ તૈયાર કરવામાં આવેલ છે.જેથી હવે નિગમની મિલ્કતોનો કબજો પરત આપવા (રીસ્ટોરબેક) માત્ર ઓનલાઈન અરજી સ્વીકારવાની તેમજ તેની કાર્યવાહી પણ ઓન-લાઈન કરવા આથી નિગમના તમામ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.હાલ જે અરજીઓ કાર્યવાહી અર્થે પડતર છે તે ફાઈલોની પ્રકીયા ફક્ત ઓફ-લાઈન અંર્તગત કામગીરી કરવાની રહેશે.સદર પરિપત્ર જારી થયા તારીખ પછી બધીજ અરજીઓ ઓનલાઈનથી કામગીરી કરવાની રહેશે અને પરિપત્ર જારી થયા બાદ કોઈ અરજી ઓફ-લાઈન સ્વીકારવાની રહેશે નહી.આમ સદર બાબતની દરેક ક્ષેત્રીય કચેરીઓએ નોંધ લેવા અને તેનો તાત્કાલિક અમલ કરવા જણાવવામાં આવે છે.

ટાઈમ લાઈનનું સમયપત્રક બિડાણ કરેલ છે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જી.આઈ.ડી.સી,ગાંધીનગર

પ્રતિ,

૧.નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.........જાણ સારૂ.

૨.નિગમના તમામ ઔધોગિક વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ..........તરફ જાણ સારૂ.

૩.મેનેજરશ્રી (એસએન્ડએ) જીઆઈડીસી, ગાંધીનગર..........તરફ પરીપત્ર વેબસાઈટ પર મુકવા સારૂ.

રવાના કર્યું

મેનેજર (મહેકમ)
જીઆઈડીસી,ગાંધીનગર